# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરી ખાતે તા.૧૨/૦૭/૨૦૧૯, શુક્રવાર ના રોજ ૧૧ : ૦૦ કલાકે બોર્ડના માન. અધ્યક્ષશ્રીના અધ્યક્ષ પદે મળેલ કારોબારી સમિતિની સાડત્રીસમી બેઠકની કાર્યવાહી નોંધ.**

**બેઠકમાં નીચે જણાવેલ સભ્યશ્રી / અધિકારીશ્રીઓ ઉપસ્થિત / અનઉપસ્થિત રહયા હતા.**

| ક્રમ | સભ્યશ્રી / અધિકારીશ્રીનું નામ | હોદ્દો | તા.૧૨/૦૭/૨૦૧૯ |
|---|---|---|---|
| ૧. | શ્રી એ. જે. શાહ | અધ્યક્ષશ્રી,<br>ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર | ઉપસ્થિત |
| ૨. | -------- | નાયબ અધ્યક્ષશ્રી,<br>ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર | ---- |
| ૩. | અધ્યક્ષશ્રી ,<br>રાજ્ય પરીક્ષા બોર્ડ,<br>સેક્ટર-૨૧, ગાંધીનગર. | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૪. | શ્રી જયપ્રકાશ પી. પટેલ | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૫. | શ્રી મનુભાઈ બી. પાવરા | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૬. | શ્રી પટેલ અરવિંદભાઈ રાવજીભાઈ | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૭. | શ્રી પટેલ કેતનકુમાર ચંદ્રુભાઈ | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૮. | શ્રી કાલીદાસ એ. બુટાણી | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૯. | શ્રી વશરા રાજેશ દેવશીભાઈ | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૧૦. | શ્રી હરદેવસિંહ હનુભા રાણા | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૧૧. | શ્રી પટેલ ભરતકુમાર રમણભાઈ | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૧૨. | શ્રી ડી.એસ. પટેલ | સભ્ય સચિવશ્રી<br>ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર | ઉપસ્થિત |

| **બાબત ક્રમાંક : ૬૦૬/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૦૬/૨૦૧૯** |
|---|---|
| તા.૧૪ અને ૧૫/૦૬/૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી સમિતિની પાત્રીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત. | તા.૧૪ અને ૧૫/૦૬/૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી સમિતિની પાત્રીસમી બેઠકની કાર્યવાહી નોંધ નીચે મુજબના સુધારા સાથે મંજુર કરવામાં આવી<br>ઠરાવ ક્રમાંકઃ૫૯૪/૨૦૧૯ મુજબ શ્રી સત્યમ કેળવણી મંડળ, મુ.પો.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા સંચાલિત સૌરભ વિદ્યાલય, નાના સેમ્બલીયા, તા.ખેડબ્રમ્હા, જિ.સાબરકાંઠાની ગ્રાન્ટ ઇન એઇડ શાળાને તા.૮/૭/૨૦૧૯ના પત્રથી ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધણી રદનો પત્ર મોકલેલ છે તેમાં માધ્યમિક શાળાનો |

| | |
|---|---|
| | ઉલ્લેખ કરેલ ન હોઇ શાળાને ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાની નોંધણી રદ અને ઇન્ડેક્ષ નંબર-૬૭.૪૫૭ રદ કરવાનો નવો પત્ર મોકલવાનું ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૬૦૭/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૦૭/૨૦૧૯** |
| શ્રી સમર્પણ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્વ.શ્રી વી.એસ.પરમાર ઉચ્ચતર માધ્યમિક શાળા મુ.ધામળેજ તા.સુત્રાપાડા જિ.ગીર સોમનાથની નોન-ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધણી રદ કરવા બાબત. | શ્રી સમર્પણ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્વ.શ્રી વી.એસ.પરમાર ઉચ્ચતર માધ્યમિક શાળા મુ.ધામળેજ તા.સુત્રાપાડા જિ.ગીર સોમનાથની નોન-ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધણી રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરવામાં આવી.<br>➢ સ્વ. વી. એસ. પરમાર ઉચ્ચતર માધ્યમિક શાળા મુ.ધામળેજ તા.સુત્રાપાડા જિ.જુનાગઢ હાલ જિ.ગીર સોમનાથને જૂન-૨૦૦૯ થી ધો-૧૧ સામાન્ય પ્રવાહ ગુજરાતી માધ્યમની કાયમી નોંધણી અત્રેની કચેરીના તા.૧૩/૦૪/૨૦૧૦ના પત્રથી કરેલ હતી.<br>➢ જૂન-૨૦૧૦ થી ધો૧૨નો પ્રથમ ક્રમિક વર્ગ સામાન્ય પ્રવાહ, ગુજરાતી માધ્યમ અત્રેની કચેરીના તા.૨૧/૦૭/૨૦૧૦ના પત્રથી મંજૂર કરેલ હતો. તે વખતે શાળા જુનાગઢ જિલ્લામાં હતી ત્યારે ઇન્ડેક્ષ નંબર:-૦૭.૨૩૮(G) ફાળવેલ હતો.<br>➢ શાળા મંડળે તા.૨૮/૧૧/૨૦૧૮ ના પત્રથી ઠરાવ કરેલ હતો. કે વર્ષ ૨૦૧૮-૧૯માં શાળામાં પુરતી સંખ્યા ના અભાવે શૈક્ષણિક કાર્ય બંધ કરવા માંગીએ છીએ. તેની જાણ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગીર સોમનાથને તા.૨૮/૧૧/૨૦૧૮ના પત્રથી કરેલ હતો.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગીર સોમનાથના તા.૧૯/૦૧/૨૦૧૯ના પત્રથી ક૧/માધ્ય/ ૨૦૧૯/૧૬૪ થી જણાવેલ છે કે સદર ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિદ્યાર્થી સંખ્યા ન મળવાને કારણે શાળા સંચાલક મંડળ દ્વારા શાળા બંધ કરવાની દરખાસ્ત કરેલ જેથી શાળાના ઇન્ડેક્ષ નંબર:-૩૩.૦૭૩ રદ કરવા તથા શાળાની નોંધણી રદ કરવા વિનંતી કરેલ છે.<br>➢ તા.૨૭, ૨૮ અને ૨૯/૦૫/૨૦૧૯ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૫૩૦/૨૦૧૯ માં શાળા મંડળના પ્રતિનિધિ અને જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી હાજર રહ્યા ન હોવાથી આગામી કારોબારી સમિતિમાં નિર્ણય અર્થે પેન્ડીંગ રાખેલ હતી.<br>પરંતુ આજની કારોબારી સમિતિમાં શાળા મંડળના પ્રતિનિધિ અને જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી હાજર રહ્યા |

| | |
|---|---|
| | ન હોવાથી આગામી કારોબારી સમિતિમાં નિર્ણય અર્થે પેન્ડીંગ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૬૦૮/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૦૮/૨૦૧૯** |
| શ્રી સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા શ્રી સરસ્વતી વિનય મંદિર મુ.માખીયાળા જિ.જુનાગઢની નોંધણી રદ કરતાં શિક્ષણ વિભાગે રીમાન્ડ કરતાં પુન:નિર્ણય કરવા બાબત. | શ્રી સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા શ્રી સરસ્વતી વિનય મંદિર મુ.માખીયાળા જિ.જુનાગઢની નોંધણી રદ કરતાં શિક્ષણ વિભાગે રીમાન્ડ કરતાં પુન:નિર્ણય કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી ભીખાભાઈ ચનાભાઈ ગજેરા – પ્રમુખ અને જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી વડારીયા વી. જી.- **A.E.I.** હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જુનાગઢના તા.___/૦૧/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-ક-૧/માધ્યમિક /નોંધણીરદ/૨૦૧૮/૨૭૪/૧૭૦ થી બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા શ્રી સરસ્વતી વિનય મંદિર માખીયાળા જિ.જુનાગઢમાં ધો-૯ અને ધો-૧૦નો એક માન્ય વર્ગ હતા. પરંતુ શાળામાં વિદ્યાર્થીની સંખ્યા પુરતી ન હોવાને કારણે શાળાના વર્ગો જૂન-૨૦૧૭ થી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવતા શાળામાં એકપણ માન્ય વર્ગો ન રહેતા સદરહું શાળાની નોંધણી રદ કરવા નિયત નમુનાની દરખાસ્ત ફોર્મ મોકલેલ છે.<br>➢ સરકારશ્રીના તા.૨૮/૦૪/૧૯૯૪ના ઠરાવ ક્રમાંક:-બમશ/૧૦૯૪/ઇએમ/૧૮૦/છ મુજબ ગ્રાન્ટેડ જે સ્થળે માધ્યમિક શાળાની મંજૂરી આપવામાં આવી હોય તે સ્થળે કોઇપણ માધ્યમિક શાળા કોઇપણ કારણોસર બંધ થયેલ હોય તો તે શાળાને માધ્યમિક શિક્ષણ બોર્ડે નોંધણી તાકીદે રદ કરવાની રહેશે. અને આવી બંધ થયેલ શાળાને કોઇપણ સંજોગોમાં પુન:જીવીત કરવાની રહેશે નહી.<br>સરકારશ્રીના ઉપરોકત ઠરાવના ફકરા-૨ મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૪૮ હેઠળ સૂચના અપાયેલ હોઈ બોર્ડ દ્વારા નોંધણી રદ કરવાની કાર્યવાહી રહે. જેથી સદર ગ્રાન્ટેડ શાળા શ્રી સરસ્વતી વિનય મંદિર માખીયાળા જિ.જુનાગઢના શાળા સંચાલક મંડળને અને જિ.શિ.અ.શ્રીને ફરી કારોબારી સમિતિમાં સાંભળ્યા બાદ ઠરાવની જોગવાઈ મુજબ પુન: નિર્ણય કરવાનું કારોબારી સમિતિમાં સર્વાનુમતે |

| | |
|---|---|
| | ઠરાવવામાં આવ્યું.<br>બોર્ડની કારોબારી સમિતિ તા.૨૮, ૩૦/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:૫૦૪/૨૦૧૮ના ઠરાવ અન્વયે.અત્રેની કચેરીના તા.૬/૩/૨૦૧૯ના પત્રથી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની નોંધણી રદ કરેલ હતી.<br>શાળા મંડળે શિક્ષણ વિભાગમાં અપીલ કરતાં શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:અપલ/અપલ/ ૨૦૧૯/૨૪/નોંધણી રદ/અપીલ સેલ/તા.૧૪/૦૬/૨૦૧૯થી આ અપીલ અરજી પુન: વિચારણા માટે બોર્ડને રીમાન્ડ (પરત) કરવામાં આવેલ છે.<br>અત્રેની કચેરીના તા.૨૯/૧૨/૨૦૧૮ ના પત્ર : મઉમશબ/શાનિ/૧૦૪૭૭/૮૨ થી સદર ગ્રાન્ટ-ઈન-એઈડ નોંધણી ચાલુ રાખેલ હતી. શિક્ષણ વિભાગના તા.૨૪/૧૨/૨૦૧૮ ના પત્ર ક્રમાંક: બમશ/૧૧૧૮/ ૧૭૨૯/ગ થી જણાવેલ હતું કે શ્રી સરસ્વતી વિદ્યામંદિર, માખિયાળા, જિ.જુનાગઢની શાળાની મંજૂરી બાબતે શિક્ષણ વિભાગના તા.૨૮/૦૪/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૦૯૪/ઈએમ/૧૮૦/છ ના ઠરાવની સૂચનાનું ઉલ્લઘંન કરેલ હોઈ આ બાબતે સ્પષ્ટતા કરવા આજ્ઞાનુસાર બોર્ડને વિનંતી કરેલ છે. શિક્ષણ વિભાગે તા.૨૮/૦૪/૧૯૯૪ નો ઠરાવ રદ કરેલ નથી. જેથી અગાઉનો ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક શાળાની નોંધણી રદ કરવાનો નિર્ણય યથાવત રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૬૦૯/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૦૯/૨૦૧૯** |
| શ્રી દિવ્યજયોત ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરદાર ઉચ્ચતર ઉત્તર બુનિયાદી મુ.ડેભારી તા.વિરપુર જિ.મહિસાગર ગ્રાન્ટેડ શાળાની નોંધણી રદ કરેલ શાળાની શિક્ષણ વિભાગે રીમાન્ડ કરતા પુન: નિર્ણય કરવા બાબત. | શ્રી દિવ્યજયોત ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરદાર ઉચ્ચતર ઉત્તર બુનિયાદી મુ.ડેભારી તા.વિરપુર જિ.મહિસાગર ગ્રાન્ટેડ શાળાની નોંધણી રદ કરેલ શાળાની શિક્ષણ વિભાગે રીમાન્ડ કરતા પુન: નિર્ણય કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી એમ. ડી. ખાંટ – મંત્રી, આર. એસ. નાયક – ઈ.આચાર્ય, બી. કે. પટેલ – ક્લાર્ક અને જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી એ. એ. મુસા હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મહિસાગરના તા.૦૭/૦૧/૨૦૧૭ના પત્ર ક્રમાંક:- માધ્યમિક/વર્ગ વધારો/૨૦૧૬/૬૩-૬૯ થી જણાવેલ છે કે સદર શાળામાં ધો-૧૨ સામાન્ય પ્રવાહનો પ્રથમ વર્ગ વિદ્યાર્થી સંખ્યા ન હોવાથી બંધ કરવાની દરખાસ્ત |

| | |
|---|---|
| | કરતા તા.૦૧/૦૮/૨૦૧૬ના રોજ સુનાવણી રાખેલ હતી.<br>➢ સરકારશ્રીના તા.૨૮/૦૪/૧૯૯૪ના ઠરાવ ક્રમાંક:- બમશ/૧૦૯૪/ઇએમ/૧૮૦/છ મુજબ ગ્રાન્ટેડ જે સ્થળે માધ્યમિક શાળાની મંજૂરી આપવામાં આવી હોય તે સ્થળે કોઇપણ માધ્યમિક શાળા કોઇપણ કારણોસર બંધ થયેલ હોય તો તે શાળાને માધ્યમિક શિક્ષણ બોર્ડે નોંધણી તાકીદે રદ કરવાની રહેશે. અને આવી બંધ થયેલ શાળાને કોઇપણ સંજોગોમાં પુન:જીર્વીત કરવાની રહેશે નહી.<br>• બોર્ડની તા.૩૧/૧૨/૨૦૧૮ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૪૮૧/૨૦૧૮ થી સદર શાળાની નોંધણી રદ કરેલ છે.<br>• અત્રેની કચેરીના તા.૨૩/૦૧/૨૦૧૯ ના પત્રથી સદર શાળાની નોંધણી રદનો પત્ર શાળા મંડળને પાઠવેલ.<br>• શાળા મંડળે શિક્ષણ વિભાગમાં અપીલ કરતા શિક્ષણ વિભાગના તા.૧૫/૦૬/૨૦૧૯ ના હુકમ ક્રમાંક: અપલ/૨૦૧૯/૧૯/નોંધણી રદ/અપીલ સેલથી પુન: વિચારણા માટે બોર્ડને રીમાન્ડ(પરત) કરેલ છે.<br>શિક્ષણ વિભાગના તા.૨૪/૧૨/૨૦૧૮ ના પત્ર ક્રમાંક: બમશ/૧૧૧૮/ ૧૭૨૯/ગ થી જણાવેલ હતું કે શ્રી સરસ્વતી વિદ્યામંદિર, માખિયાળા, જિ.જુનાગઢની શાળાની મંજૂરી બાબતે શિક્ષણ વિભાગના તા.૨૮/૦૪/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૦૯૪/ ઈએમ/૧૮૦/છ ના ઠરાવની સૂચનાનું ઉલ્લઘંન કરેલ હોઈ આ બાબતે સ્પષ્ટતા કરવા આજ્ઞાનુસાર બોર્ડને વિનંતી કરેલ છે. શિક્ષણ વિભાગે તા.૨૮/૦૪/૧૯૯૪ નો ઠરાવ રદ કરેલ નથી. જેથી અગાઉનો ગ્રાન્ટ-ઈન-એઈડ શ્રી સરદાર ઉચ્ચતર ઉ. બુ. વિદ્યાલયની નોંધણી રદ કરવાનો નિર્ણય યથાવત રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૭૧૦/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૭૧૦/૨૦૧૯** |
| જ્ઞાનગંગા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નારાયણમુનિ વિદ્યાલય, મુ.હાલોલ, જિ.પંચમહાલની ધો-૯ ની (G/15/776) કામચલાઉ મંજૂરી રદ કરવા બાબત. | જ્ઞાનગંગા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નારાયણમુનિ વિદ્યાલય, મુ.હાલોલ, જિ.પંચમહાલની ધો-૯ ની (G/15/776) કામચલાઉ મંજૂરી રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી પારેખ મેહુલ એચ. – E.I. હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા. |

| | |
|---|---|
| | • બોર્ડની તા.૦૪, ૨૫, ૨૬/૦૩/૨૦૧૫ અને તા.૦૯, ૧૦/૦૪/૨૦૧૫ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૭૪/૨૦૧૫ અન્વયે કામચલાઉ મંજુરી આપેલ હતી.<br>• અત્રેની કચેરીના તા.૦૬/૦૫/૨૦૧૫ ના પત્રથી સદર શાળાને નોંધણી કરાવી લેવાનો પત્ર મોકલેલ હતો.<br>• જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પંચમહાલ તા.૧૭/૦૬/૨૦૧૫ના પત્ર ક્રમાંક: માધ્ય/ ૨૦૧૫/ ૧૨૫૫૩/૫૪ થી નારાયણમુનિ વિદ્યાલયના નોંધણીના આધારો મોકલેલ હતા.<br>• સચિવશ્રીએ નોંધણી નોંધમાં વર્ષવાર કેટલી સંખ્યા શાળામાં આવી તે જણાવો તેમ દર્શાવેલ હતું.<br>• અત્રેની કચેરીના તા.૨૪/૦૫/૨૦૧૮ ના પત્રથી શાળા મંડળે શાળા નોંધણી અંગેના વેરીફીકેશન માટે તા.૦૨/૦૬/૨૦૧૮ ના રોજ રૂબરૂ બોલાવેલ હતા.<br>• બોર્ડમાં કેમ્પ રાખેલ હતો તેમાં કાયમી મંજુરીના ચેકલીસ્ટમાં ચાલુ સાલે ધો-૯ માં સંખ્યા નથી પરંતુ આવતા વર્ષે શાળા શરૂ કરવા શાળાની નોંધણી ચાલુ રાખવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પંચમહાલે ભલામણ કરેલ છે.<br>અત્રેની કચેરીના તા.૨૪/૦૮/૨૦૧૭ ના પત્ર ક્રમાંક:મઉમશબ/ શા.નિ./ જુન-૨૦૧૭/ ૧૧૪૭૯/ ૮૦ થી શાળાને મંજુરી બાદ વર્ષવાર કેટલી વિદ્યાર્થી સંખ્યા શાળામાં આવી તેની માહિતી મોકલવા જણાવેલ હતુ. એ માહિતી આજ દિન સુધી આવેલ ન હોવાથી કારોબારી સમિતિએ સર્વાનુમતે જુન-૨૦૧૫ ની ધો-૯ ની કામચલાઉ મંજૂરી રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૬૧૧/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૧૧/૨૦૧૯** |
| શ્રીજી કેળવણી મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ.ડી. પીઠવડીવાળા ઉ.મા. શાળા, મુ.પો.પીઠવડી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી ગ્રાન્ટ વિનાની ધો-૧૧, સામાન્ય પ્રવાહ, ગુજરાતી માધ્યમની તેમજ ધો-૧૨નો ઈન્ડેક્ષ નંબર **03.119(G)** રદ કરવા બાબત. | શ્રીજી કેળવણી મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ.ડી. પીઠવડીવાળા ઉ. મા. શાળા, મુ.પો.પીઠવડી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી ગ્રાન્ટ વિનાની ધો-૧૧, સામાન્ય પ્રવાહ, ગુજરાતી માધ્યમની તેમજ ધો-૧૨નો ઈન્ડેક્ષ નંબર **03.119(G)** રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી રજનીકાંત ડી. ત્રિવેદી – વ્યવસ્થાપક તથા સુભાષભાઈ હમીરભાઈ સોલંકી – ઈ.આચાર્ય અને જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી ડી. એ. મોદી – ઈ.આચાર્ય હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા. |

| | |
|---|---|
| | શ્રીજી કેળવણી મંડળ ચેરી. ટ્રસ્ટ સંચાલિત એમ.ડી.પીઠવડીવાળા ઉમા. શાળા મુ.પો.પીઠવડી તા.સાવરકુંડલા જિ.અમરેલીની ધો-૧૧ (સા.પ્ર) ગુજ. માધ્યમની નોંધણી રદ કરવાની વિગતો નીચે મુજબ છે.<br>• જુન-૨૦૧૦ થી ધો-૧૧ (સા.પ્ર) ગુજ. માધ્યમ નોન ગ્રાન્ટ-ઈન-એઈડ અત્રેની કચેરીના તા.૨૭/૧૧/૨૦૧૦ ના પત્રથી નોંધણી કરવામાં આવી હતી.<br>• જુન-૨૦૧૧ થી ધો-૧૨ ગ્રાન્ટ વિના (સા.પ્ર) ગુજ. માધ્યમનો ક્રમિક વર્ગ અત્રેની કચેરી તા.૧૬/૦૭/૨૦૧૧ ના પત્રથી મંજુરી આપવામાં આવી હતી. જેનો ઈન્ડેક્ષ નંબર ૦૩.૧૧૯ (G) ફાળવેલ હતો.<br>• શાળા મંડળે તેમના ત.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ ઠરાવ કરેલ છે.<br>• કમિશ્નર કચેરી દ્વારા જુન-૨૦૧૧ થી નોંધણી તેમજ ધો-૧૨ નો ઈન્ડેક્ષ નંબર ૦૩.૧૮૦ (G) મળેલ હતો. જેના અનુસંધાને ગ્રાન્ટ-ઈન-એઈડ યુનિટ શરૂ થયેલ છે.<br>• જુન-૨૦૧૩ થી ધો-૧૧ અને ધો-૧૨ માં હોઈ પ્રવેશ નથી અને ભવિષ્યમાં ચાલી શકે તેમ નથી.<br>• જિ.શિ.અ.શ્રી. અમરેલીનો તા.૦૩/૦૫/૨૦૧૯ નો શિ.નિ.શ્રી જી.એમ.સોલંકીનો સ્થળ તપાસ અહેવાલ નીચે મુજબ છે.<br>• શાળાને ૨૦૧૧ માં મંજુરી મળેલ તથા ૨૦૧૩ માં સંખ્યાના અભાવે શાળા બંધ કરવામાં આવેલ છે.<br>• ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાની મંજુરી મળેલ હોવાથી શાળા ચાલુ રાખી શકાય તેમ ન હોય શાળા બંધ કરવામાં આવેલ છે જેની જાણ તથા દરખાસ્ત જિ.શિ.અ.શ્રીને તા.૦૩/૦૪/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ છે.<br>• શાળા બંધ કરવાનો ઠરાવ સામેલ છે.<br>• શાળાના કર્મચારીઓને છુટા કરેલ છે. કર્મચારીઓનું કોઈ લેણદેણ નથી તે બાબતે પ્રમાણપત્ર રજુ કરેલ છે.<br>• શાળા દ્વારા ઉઘરાવેલ ફી નું માળખુ આ સાથે સામેલ છે.<br>• શાળાની માન્યતા અને મંજુરીના પત્રો આ સાથે સામેલ છે. |

| | |
|---|---|
| | • શાળા દ્વારા શાળા બંધ કર્યાનું પ્રમાણપત્ર આપેલ છે. જે આ સાથે સામેલ છે.<br>• ઉપરોક્ત આધારો ધ્યાને લેતા શાળા બંધ કરવા તથા ઈન્ડેક્ષ નંબર રદ કરવા અભિપ્રાય થાય છે.<br>જિ.શિ.અ.શ્રી અમરેલીના અહેવાલના આધારે સદર ઉ.મા. શાળાની નોંધણી રદ તેમજ ઈન્ડેક્ષ નંબર **03.119(G)** રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. શાળાનો રેકર્ડ જિલ્લા શિક્ષણાધિકારી નિયત કરે તે શાળામાં નિભાવવાનો રહેશે અને તેની જાણ વિદ્યાર્થીઓને થાય તે માટે સંબંધિત શાળા દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત કરવાની રહેશે. તેમજ અન્ય શાળાઓને પણ ઉક્ત વિગતની જાણ કરવી. |
| **બાબત ક્રમાંક : ૬૧૨/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૧૨/૨૦૧૯** |
| સદગુરૂ કેળવણી મંડળ સંચાલિત મુક્તિધામ નુતન વિદ્યાલય, મુ.ચીખલી, તા,ફતેપુરા, જિ.દાહોદની ગ્રાન્ટ વિના, ધો-૯, ગુજરાતી માધ્યમની નોંધણી રદ તેમજ ધો-૧૦ ગુજરાતી માધ્યમનો ઈન્ડેક્ષ નંબર 75.283 રદ કરવા બાબત. | સદગુરૂ કેળવણી મંડળ સંચાલિત મુક્તિધામ નુતન વિદ્યાલય, મુ.ચીખલી, તા,ફતેપુરા, જિ.દાહોદની ગ્રાન્ટ વિના, ધો-૯, ગુજરાતી માધ્યમની નોંધણી રદ તેમજ ધો-૧૦ ગુજરાતી માધ્યમનો ઈન્ડેક્ષ નંબર 75.283 રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી તડવી રૂપસિંગભાઈ પુંજભાઈ – પ્રમુખ તથા જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી ટી. જે. કતીજા – મ.શિ.નિ. હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>સદગુરૂ કેળવણી મંડળ સંચાલિત મુક્તિધામ નુતન વિદ્યાલય મુ.ચીખલી, તા.ફતેપુરા, જિ.દાહોદની ગ્રાન્ટ વિના ધો-૯, ગુ.મા.ની નોંધણી રદ તેમજ ધો-૧૦નો ઇન્ડેક્ષ નંબર - ૭૫.૨૮૩ રદ કરવાની વિગતો નીચે મુજબ છે.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દાહોદ તેમના તા.૨૭/૫/૨૦૧૯ના પત્રથી જુન-૨૦૧૮થી શાળા બંધ કરવાની વિગતો નીચે મુજબ છે.<br>- જુન-૨૦૦૧થી ગ્રાન્ટ વિના ધો-૮ ગુજરાતી માધ્યમની નોંધણી બોર્ડના તા.૨૬/૪/૨૦૦૧ના પત્રથી કરવામાં આવી હતી.<br>- જુન-૨૦૦૨ થી ગ્રાન્ટ વિના ધો-૯નો ક્રમિક વર્ગની કમિશ્નર મા.શાળાઓની કચેરીના તા.૨૦/૩/૨૦૦૩ના પત્રથી મંજુરી આપવામાં આવી હતી.<br>- જુન-૨૦૦૩ થી ધો-૧૦ ગ્રાન્ટ વિના ગુજરાતી માધ્યમનો ઇન્ડેક્ષ નંબર ૭૫.૨૮૩ બોર્ડની |

| | |
|---|---|
| | તા.૧૦/૯/૨૦03ના પત્રથી મંજુરી આપવામાં આવી હતી.<br>- શાળા મંડળે તેમના તા.૧૨/૫/૨૦૧૯ના પત્રથી માધ્યમિક શાળાની નોંધની જુન-૨૦૦૯થી બંધ કરવામાં આવેલ છે જેની નોંધણી રદ કરવા ઠરાવ કરેલ છે.<br>- શાળા મંડળે તેમના તા.૧૧/૪/૨૦૧૯ના પત્રથી માધ્યમિક શાળા બંધ કરતાં શાળામાં ફરજ બજાવતાં કોઇપણ કર્મચારીને પગાર તથા અન્ય કોઈ પણ પ્રકારની નાણાકીય રકમ ચુકવવાની બાકી રહેતી નથી જેની ખાત્રી કરીને બાંહેધરી પત્રક લખી આપેલ છે.<br>- કર્મચારીઓને નિયમિત પગાર પહોંચ લઇ રોકડમાં ચુકવવામાં આવતો હતો. હવે કોઇપણ કર્મચારીને પગાર ચુકવવાનો બાકી રહેતો નથી.આચાર્ય તથા શિક્ષકોને હવે પછીથી સંસ્થાનો કઇ પણ રકમ પગાર પેટે ચુકવવાની બાકી રહેતી નથી. તેની ખાત્રી કરીને બાહેધરી પત્રક લખી આપવામાં આવેલ છે.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જુન-૨૦૧૮થી શાળા મંડળની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેમજ શાળામાં વિદ્યાર્થી સંખ્યા ન મળવાને કારણે શાળા સંચાલક મંડળ દ્વારા શાળા બંધ કરવાની દરખાસ્ત કરેલ જેથી આ શાળાનો ઇન્ડેક્ષ નં-૭૫.૨૮૩ રદ કરવા તથા નોંધણી રદ કરવા જણાવેલ.<br>આમ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ શાળાની માન્યતા રદ તેમજ ઇન્ડેક્ષ નંબર રદ કરવા ભલામણ કરેલ છે.<br>જિ.શિ.અ.શ્રી ભલામણ અને શાળા સંચાલક મંડળ દ્વારા શાળા બંધ કરવાની દરખાસ્ત કરેલ હોય, શાળાની માન્યતા રદ કરવાનું અને ઈન્ડેક્ષ નંબર 75.283 રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. શાળાનો રેકર્ડ જિલ્લા શિક્ષણાધિકારી નિયત કરે તે શાળામાં નિભાવવાનો રહેશે અને તેની જાણ વિદ્યાર્થીઓને થાય તે માટે સંબંધિત શાળા દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત કરવાની રહેશે. તેમજ અન્ય શાળાઓને પણ ઉક્ત વિગતની જાણ કરવી. |
| **બાબત ક્રમાંક : ૬૧૩/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૧૩/૨૦૧૯** |
| સ્વામિનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ, બાપુનગર, અમદાવાદ સંચાલિત બિનઅનુદાનિત શાળા સરદાર પટેલ સેકન્ડરી સ્કુલ, જગદીશ પાર્ક સોસાયટી, ખોડીયારનગર, અમદાવાદ શાળા વિરૂદ્ધ શ્રી મહેન્દ્ર એન. પટેલની તા.૦૮/૦૭/૧૮, તા.૨૩,૨૪/૦૮/૧૮, | સ્વામિનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ, બાપુનગર, અમદાવાદ સંચાલિત બિનઅનુદાનિત શાળા સરદાર પટેલ સેકન્ડરી સ્કુલ, જગદીશ પાર્ક સોસાયટી, ખોડીયારનગર, અમદાવાદ શાળા વિરૂદ્ધ શ્રી મહેન્દ્ર એન. પટેલની તા.૦૮/૦૭/૧૮, તા.૨૩,૨૪/૦૮/૧૮, તા.૧૨/૧૦/૧૮ |

| | |
|---|---|
| તા.૧૨/૧૦/૧૮ તેમજ તા.૨૫/૧૦/૧૯ થી શાળા વિરૂદ્ધ મળેલ ફરીયાદ અન્વયે શાળાની નોંધણી રદ કરવા બાબત. | તેમજ તા.૨૫/૧૦/૨૦૧૯ થી શાળા વિરૂદ્ધ મળેલ ફરીયાદ અન્વયે શાળાની નોંધણી રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી દૂધાત બાબુભાઈ કરશનભાઈ – ટ્રસ્ટી, પટેલ કેતનભાઈ બાબુભાઈ – આચાર્ય તથા જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી જી. બી. ગોહિલ – મ.શિ.નિ. અને ડી. આઈ. પઢિયાર – મ.શિ.નિ. હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>સ્વામિનારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ બાપુનગર, અમદાવાદ સંચાલિત બિનઅનુદાનિત શાળા સરદાર પતેલ સેકન્ડરી સ્કુલ, જગદીશ પાર્ક સોસાયટી, ખોડીયારનગર, અમદાવાદ શાળા વિરૂધ્ધ શ્રી મહેન્દ્ર એન. પટેલની તા.૮/૭/૨૦૧૮, તા.૨૩,૨૪/૮/૨૦૧૮, તા.૧૨/૧૦/૨૦૧૮ તેમજ ૨૫/૧૦/૨૦૧૮થી શાળા વિરૂધ્ધ મળેલ ફરીયાદ અન્વયે શાળાની નોંધણી રદ કરવા બાબતે મળેલ રજુઆત સંદર્ભ બોર્ડના પત્ર ક્રમાંકઃ મઉમશબ/શાનિ/૧૦૧૦૭, તા.૨૧/૧૨/૧૮, તા.૦૨/૦૨/૧૯ થી સદર શાળાનો સ્થળ તપાસ અહેવાલ રજુ કરવા જણાવેલ ત્યારબાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેરના પત્ર ક્રમાંકઃ જિ.શિ.અ/ માધ્યમિક/ ૨૦૧૮-૧૯ /૩૧૪૭૨ તા.૧૯/૨/૨૦૧૯થી સદર બાબતે જરૂરી સ્થળ તપાસ કરી જુન-૨૦૧૬થી નોન ગ્રાન્ટેડ ધોરણ-૯ ગુજરાતી માધ્યમની નોંધણી કરેલ હતી.જે સંદર્ભે અરજદારશ્રી મહેન્દ્ર એન. પટેલ દ્વારા તા.૮/૭/૨૦૧૮ના રોજ બોર્ડને કરેલ ફરીયાદના અનુસંધાને આ કચેરી દ્વારા જરૂરી સ્થળ તપાસ કરવામાં આવેલ છે તથા તે અંગેનો અહેવાલ નીચેની વિગતે રજૂ કરવામાં આવેલ છે.<br>➢ આ સંસ્થા નોન ગ્રાન્ટેડ ચાલે છે.<br>➢ ધોરણ-૯ની મંજુરી જુન-૨૦૧૬થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિ.બોર્ડ ગાંધીનગર બોર્ડ દ્વારા મળેલ છે.<br>➢ શાળામાં રમતગમતનું મેદાન માલિકીનું નથી પરંતુ ૧૦ વર્ષનો ભાડા કરાર ધરાવે છે જે આશરે ૩૦૦મીટરના અંતરે આવેલ છે અને શાળા મંજુરી સમયે આજ રમતગમતનું મેદાન હતું જે અંગે ભાડા કરારની નકલ સામેલ છે.<br>➢ આ શાળામાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ૨ રૂમ, પ્રથમ માળે ૦૪ વર્ગખંડો ,બીજા માળે ૦૬ વર્ગ ખંડો અને ત્રીજા માળે ૦૪ વર્ગખંડો છે જે તમામ વર્ગખંડો પુરતા પ્રમાણમાં હવાઉજાસ વાળા છે<br>➢ આ સંસ્થાને સ્ટ્રક્ચર સ્ટેબીલીટી અને ફાયર સેફ્ટીનું સર્ટી AMC ના અધિકૃત ઇજનેર દ્વારા આપેલ છે<br>➢ શાળાના મકાનના નીચેના ભાગમાં ૦૫ દુકાનો છે |

| | |
|---|---|
| | જે પૈકી બે દુકાનો શાળાના ઉપયોગમાં છે.<br>➢ શાળા મંજુરી સમયે આજ બિલ્ડીંગ હતું તેમાં સમયાંતરે વધું વર્ગખંડોની જરૂરીયાત હોવાથી ત્રીજા માળનું બાંધકામ કાર્ય કરેલ છે અને ત્રીજા માળ સાથે સ્ટ્રક્ચર સ્ટેબીલીટી સર્ટી તા.૮/૯/૨૦૧૮નું મેળવેલ છે તેમજ ત્રીજા માળના બાંધકામ માટેની મંજુરીની કાર્યવાહી કરેલ છે અને ઇનપેક્ટ ફી ભરવા માતેની કાર્યવાહી કરેલ છે.<br>➢ સંસ્થા BUP ધરાવતી નથી.<br>સદરહું બાબતે સ્થળ તપાસ અધિકારીના જણાવ્યા મુજબ શાળાનું સ્ટ્રક્ચર સ્ટેબીલીટીનું પ્રમાણપત્ર તા.૮/૯/૨૦૧૮ના રોજ મેળવેલ છે જે મુજબ સલામતીની દ્રષ્ટીએ મકાન જોખમકારક જણાતું નથી તેમ છતાં સરકારી ઇજનેર દ્વારા તેની ખરાઇ કરાવી લેવા અભિપ્રાય આપેલ છે.<br>જિ.શિ.અ.શ્રી અમદાવાદના અહેવાલ મુજબ બી.યુ.પી. નથી, નકશો AMC માન્ય નથી અને મેદાન કોમન પ્લોટમાં હોવાથી હોવાથી સદર શાળાની કાયમી નોંધણી રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. શાળાનો રેકર્ડ જિલ્લા શિક્ષણાધિકારી નિયત કરે તે શાળામાં નિભાવવાનો રહેશે અને તેની જાણ વિદ્યાર્થીઓને થાય તે માટે સંબંધિત શાળા દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત કરવાની રહેશે. તેમજ અન્ય શાળાઓને પણ ઉક્ત વિગતની જાણ કરવી. |
| **બાબત ક્રમાંક : ૬૧૪/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૧૪/૨૦૧૯** |
| ઘનશ્યામ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, મેઘાણીનગર, અમદાવાદ સૂચિત બિનઅનુદાનિત શાળા શાયોના વિદ્યાવિહાર સેકન્ડરી સ્કુલ, ઘાટલોડીયા, અમદાવાદ ગ્રામ્યને જુન-૨૦૧૮થી ધોરણ-૯ ગુજરાતી માધ્યમની દરખાસ્ત સંદર્ભે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્યના તા.૨૮/૬/૨૦૧૯ના સ્થળ તપાસ અહેવાલ અન્વયે નોંધણી કરાવી લેવાનો પત્ર રદ કરવા બાબત. | ઘનશ્યામ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, મેઘાણીનગર, અમદાવાદ સૂચિત બિનઅનુદાનિત શાળા શાયોના વિદ્યાવિહાર સેકન્ડરી સ્કુલ, ઘાટલોડીયા, અમદાવાદ ગ્રામ્યને જુન-૨૦૧૮થી ધોરણ-૯ ગુજરાતી માધ્યમની દરખાસ્ત સંદર્ભે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્યના તા.૨૮/૬/૨૦૧૯ના સ્થળ તપાસ અહેવાલ અન્વયે નોંધણી કરાવી લેવાનો પત્ર રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી પિયુષ ભરતભાઈ પટેલ – ટ્રસ્ટી, હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>ઘનશ્યામ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, મેઘાણીનગર, અમદાવાદ સૂચિત બિનઅનુંદાનિત શાળા શાયોના વિદ્યાવિહાર સેકન્ડરી સ્કુલ, ઘાટલોડીયા,અમદાવાદ ગ્રામ્યને જુન-૨૦૧૮થી ધોરણ-૯ ગુજરાતી માધ્યમની |

| | |
|---|---|
| | બોર્ડની કારોબારી સમિતિ તા.૧,૨/૬/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ૩૨૩/૨૦૧૮ અન્વયે મંજુરી આપવામાં આવતાં, <br> બોર્ડના પત્ર ક્રમાંકઃ મઉમશબ/શાનિ/જુન-૧૮/૩૪૦૦/૦૧ તા.૯/૬/૨૦૧૮થી શાળામંડળ/ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્યને કાયમી નોંધણી અંગેના આધારો રજુ કરવા જણાવેલ, <br> જિલ્લાશિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્યના પત્રક્રમાંકઃઅગ્રાવિ/માધ્ય/સ્થળ.ત.અહે/૨૦૧૮-૧૯/૧૫૯૯૪ તા.૨૮/૬/૨૦૧ના પત્રથી શાળાના સ્થળ તપાસ અહેવાલ નીચે મુજબ રજુ કરેલ છે. <br> ➢ શાળા કેમ્પસમાં બે બિલ્ડીંગ આવેલા છે બિલ્ડીંગ-૧માં આર.કે.એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ત્રિવેણી વિદ્યાલય ગ્રાન્ટેડ સ્કુલ ધોરણ-૯ અને ૧૦ ચાલે છે. <br> ➢ ઘનશ્યામ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ધોરણ-૯ ગુજરાતી માધ્યમ શાયોના વિદ્યાવિહાર હાયર સેકન્ડરી સ્કુલ બિલ્ડીંગ નંબર-૨માં ચાલુ કરવાની માગણી કરવામાં આવેલ હતી. <br> આમ ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ સદરહું કેમ્પસમાં બિલ્ડીંગ નંબર-૧માં ગ્રાન્ટેડ શાળા ત્રિવેણી વિદ્યાલય ગ્રાન્ટેડ સ્કુલ ધોરણ-૯ અને ૧૦ ચાલતી હોય સદર શાળા શાયોના વિદ્યાવિહાર સ્કુલ,ધોરણ-૯ (ગુજરાતી માધ્યમ)ને નવી શાળા મંજુર કરવા ભલામણ કરવામાં આવતી નથી. <br> અમદાવાદ ગ્રામ્યના સ્થળ તપાસના આધારે સદર કેમ્પસના બિલ્ડીંગ નં.૧ માં ત્રિવેણી વિદ્યાલય ગ્રાન્ટ-ઈન-એઈડ શાળા, ગુજરાતી માધ્યમ ધો-૯ અને ૧૦ ચાલે છે અને સૂચિત બિનઅનુદાનિત શાળા શાયોના વિદ્યાવિહાર સેકન્ડરી સ્કુલ પણ તેજ કેમ્પસમાં ચાલે છે. <br> જેથી ઉક્ત બાબતે ચર્ચા વિચારણાને અંતે બિનઅનુદાનિત શાળા શાયોના વિદ્યાવિહાર સેકન્ડરી સ્કુલ, ઘાટલોડીયા, અમદાવાદ જુન-૨૦૧૮ થી ધોરણ-૯ ગુજરાતી માધ્યમની નોંધણી કરાવી લેવાનો પત્ર રદ કરવાનું કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૭૧૫/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૭૧૫/૨૦૧૯** |
| તાપી જિલ્લાની ટાર્ગેટ ચેરીટેબલ ટ્રસ્ટ- નવાગામ, તા.સોનગઢ સૂચિત શાળા બિન અનુદાનિત ગ્લોબલ ડીઝીટલ મોડેલ સ્કુલ, મુ.રાણીઆંબા, તા.સોનગઢ, | તાપી જિલ્લાની ટાર્ગેટ ચેરીટેબલ ટ્રસ્ટ- નવાગામ, તા.સોનગઢ સૂચિત શાળા બિન અનુદાનિત ગ્લોબલ ડીઝીટલ મોડેલ સ્કુલ, મુ.રાણીઆંબા, તા.સોનગઢ, |

| | |
|---|---|
| જિ.તાપી ઓનલાઇન એપ્લીકેશન નં. H/17/117 (સામાન્ય પ્રવાહ, ગુજરાથી માધ્યમ) અને H/17/118 (વિજ્ઞાન પ્રવાહ, અંગ્રેજી માધ્યમ) નો જુન-૨૦૧૭ થી નોંધણી કરાવી લેવાનો પત્ર રદ કરવા બાબત. | જિ.તાપી ઓનલાઇન એપ્લીકેશન નં. H/17/117 (સામાન્ય પ્રવાહ, ગુજરાથી માધ્યમ) અને H/17/118 (વિજ્ઞાન પ્રવાહ, અંગ્રેજી માધ્યમ) નો જુન-૨૦૧૭ થી નોંધણી કરાવી લેવાનો પત્ર રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરવામાં આવી.<br>ટાર્ગેટ ચેરીટેબલ ટ્રસ્ટ સુચિત શાળા ગ્લોબલ ડીજીટલ મોડેલ સ્કૂલ રાણીઆંબા તા.સોનગઢ, જિ.તાપીને જુન-૨૦૧૭ થી કામચલાઉ મંજુરી આપ્યા બાદ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી તાપીએ સદર ઉ.મા. શાળાની ઓનલાઇન એપ્લીકેશન નં. H/17/117 (સામાન્ય પ્રવાહ, ગુજરાથી માધ્યમ) અને H/17/118 (વિજ્ઞાન પ્રવાહ, અંગ્રેજી માધ્યમ) ની ઓનલાઇન રેકમેન્ટ રજુ કરતા તેમાં નોટ રેકમેન્ટ દર્શાવેલ છે. શાળાએ નોંધણી અંગેના આધારો રજુ ન કરેલ હોવાથી નોટ રેકોમેન્ટ કરેલ છે.<br>શાળા મંડળના તેમજ જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી હાજર ન હોવાથી આગામી કારોબારી સમિતિમાં નિર્ણય અર્થે પેન્ડીગ રાખવાનું ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૬૧૬/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૧૬/૨૦૧૯** |
| જ્ઞાનયજ્ઞ એજ્યુકેશન ટ્રસ્ટ ઘાટલોડીયા સૂચિત બિન અનુદાનિત શાળા એસ.એન.પટેલ હાઇસ્કુલ, ઘાટલોડીયા, જિ.અમદાવાદને જૂન-૨૦૧૫ થી આપેલ કામચલાઉ નોંધણી કરાવી લેવાનો પત્ર ક્રમાંક:-મઉમશબ/શાનિશા/નમાશા/જૂન-૧૫/૩૩૧૩-૩૬૬, તા.૦૬/૦૫/૨૦૧૫નો પત્ર રદ કરવા બાબત. | જ્ઞાનયજ્ઞ એજ્યુકેશન ટ્રસ્ટ ઘાટલોડીયા સૂચિત બિન અનુદાનિત શાળા એસ.એન.પટેલ હાઇસ્કુલ, ઘાટલોડીયા, જિ.અમદાવાદને જૂન-૨૦૧૫ થી આપેલ કામચલાઉ નોંધણી કરાવી લેવાનો પત્ર ક્રમાંક:-મઉમશબ/શાનિશા/નમાશા/જૂન-૧૫/૩૩૧૩-૩૬૬, તા.૦૬/૦૫/૨૦૧૫નો પત્ર રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરવામાં આવી.<br>જ્ઞાનયજ્ઞ એજ્યુકેશન ટ્રસ્ટ ઘાટલોડીયા સૂચિત બિન અનુદાનિત શાળા એસ.એન.પટેલ હાઇસ્કુલ ઘાટલોડીયા જિ.અમદાવાદને જૂન-૨૦૧૫ થી નોંધણી કરાવી લેવાના પત્ર અન્વયે શાળા મંડળ / જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગ્રામ્યને કાયમી નોંધણી કરવા અંગેના જરૂરી આધારો દિન-૩૦ માં રજૂ કરવા જણાવેલ.<br>પરંતુ શાળા મંડળ કે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગ્રામ્યને સદર શાળાની કાયમી નોંધણી અંગેના આધારો રજૂ ન કરતાં શાળા મંડળને બોર્ડના પત્ર ક્રમાંક : મઉમશબ/શાનિ/૨૦૧૫/૦૯ તા.૨૧/૧૨/૨૦૧૫ ના પત્રથી કારણ દર્શક નોટીસ આપી કારણ દર્શક નોટીસનો ખુલાસો રજૂ કરેલ ન હતો.<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્યને |

| | |
|---|---|
| | તા.૦૭/૧૧/૨૦૧૬ થી સદર શાળાની નોંધણી કરાવી લેવાનો પત્ર રદ કરવા અંગે શાળા હાલમાં ચાલુ છે. કેમ તે અંગેનો સ્થળ તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ.<br>ત્યારબાદ શાળા મંડળને બોર્ડની કચેરી ખાતે રૂબરૂ સુનાવણી કેમ્પ તા.૦૨/૦૬/૨૦૧૮ના રોજ નોંધણી અંગેના આધારો રજૂ ન કરતા બોર્ડના તા.૨૩/૦૫/૨૦૧૮ના પત્રથી રૂબરૂ આધારો રજૂ કરવા જણાવેલ. આ અંગે શાળા મંડળે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ ગ્રામ્યને તા.૦૨/૦૬/૨૦૧૮ થી શાળા શરૂ ન કરી હોવા અંગે જણાવેલ છે કે શાળાને જૂન-૨૦૧૫ થી કામચલાઉ મંજૂરી આપ્યા બાદ શાળા શરૂ કરેલ નથી કે ભવિષ્યમાં ચાલુ કરવા ઇચ્છતા નથી.<br>ઉપરોક્ત શાળા મંડળના ઠરાવ મુજબ જુન-૨૦૧૫ ની G/15/587 ગુજરાતી માધ્યમની કામચલાઉ મંજૂરી રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૬૧૭/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૧૭/૨૦૧૯** |
| શ્રી વિદ્યોતેજક મંડળ સંચાલિત શ્રી ડી. સી. સી. વિવિધલક્ષી હાઈસ્કુલ અને શ્રી એન. ડી. શાહ હાયર સેકન્ડરી વિદ્યાલય, જામનગરની ગ્રાન્ટ-ઈન-એઈડ શાળામાં ધો-૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહ બંધ કરવા બાબત. | શ્રી વિદ્યોતેજક મંડળ સંચાલિત શ્રી ડી. સી. સી. વિવિધલક્ષી હાઈસ્કુલ અને શ્રી એન. ડી. શાહ હાયર સેકન્ડરી વિદ્યાલય, જામનગરની ગ્રાન્ટ-ઈન-એઈડ શાળામાં ધો-૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહ બંધ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી વ્રજલાલ એસ. કાલરિયા – ઈ.આચાર્ય તેમજ જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી બી. આર. વસરા હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>શ્રી વિદ્યોતેજક મંડળ સંચાલિત શ્રી ડી.સી.સી. વિવિધલક્ષી હાઈસ્કુલ અને શ્રી એન.ડી.શાહ હાયર સેકન્ડરી વિદ્યાલય,જામનગરની ગ્રાન્ટેડ શાળામાં ધો-૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહ બંધ કરવા બાબતની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જામનગરે અત્રેની કચેરીને મોકલી આપેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.<br>આ જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા શ્રી ડી. સી. સી. હાઇસ્કુલ, જામનગરમાં વિજ્ઞાન પ્રવાહ બંધ કરવા અંગેની દરખાસ્ત તા.૨/૭/૨૦૧૮ના પત્રથી અત્રેની કચેરીને મોકલાવેલ હતી. જે બાબતે અત્રેની કચેરીએ તા.૨૫/૭/૨૦૧૮ના રોજ વિજ્ઞાન પ્રવાહ બંધ કરવા અંગેની સુનાવણી રાખેલ હતી. જેમાં ત્રણ શિક્ષકો તથા બે લેબ પ્યુનો |

| | |
|---|---|
| | ફાજલ કરવામાં આવેલ હતા. અને તેઓને અત્રેના જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમાવી લેવામાં આવેલ છે.<br>ઉપરોક્ત શાળાની દરખાસ્તમાં વિજ્ઞાન પ્રવાહ ધો-૧૧, ૧૨માં વિદ્યાર્થીની સંખ્યા શૂન્ય હોય જેથી સદરહું શાળાનો વિજ્ઞાન પ્રવાહ બંધ કરવા અંગેની દરખાસ્ત કરેલ છે.<br>ઉક્ત જિ.શિ.અ.શ્રીના અહેવાલના આધારે સદર શાળામાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થી સંખ્યા શૂન્ય હોય, ફક્ત વિજ્ઞાન પ્રવાહ બંધ કરવાનું કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.<br>સદર શાળાનો ઇન્ડેક્ષ નં-૦૬.૦૦૬ વિજ્ઞાન પ્રવાહનો રદ કરવામાં આવે છે અને સદર શાળાનો ઇન્ડેક્ષ નં-૦૬.૦૦૬ સામાન્ય પ્રવાહનો ચાલુ રાખવામાં આવે છે. |
| **બાબત ક્રમાંક : ૬૧૮/૨૦૧૯** | **ઠરાવ ક્રમાંક : ૬૧૮/૨૦૧૯** |
